# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં.૨૦ તા.૦૭-૦૫-૨૦૨૨**

**ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-**

**વિષય :- વધ-ઘટ બદલી કેમ્પ બાબત.**

**સંદર્ભ :- (૧) ક્રમાંક : પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૨/૩૭૪૭-૯૯ તા.૦૫-૦૫-૨૦૨૨**

(૨) ગુજરાત સરકાર શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક (પાર્ટ-૧) તા.૦૧-૦૪-૨૦૨૨.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, તા.૧૭-૦૫-૨૦૨૨ના રોજ આ સાથે સામેલ આયોજન મુજબ તમારી શાળામાં વધ વાળા શિક્ષકશ્રીઓને સ્કાઉટભવન,પાલડી ખાતે અવશ્ય હાજર રહી શાળા પસંદગી કરવાની રહેશે. સંદર્ભ-૨ મુજબ ગેરહાજર રહેનાર શિક્ષકશ્રીઓને જે-તે વિભાગ / વિષયની ખાલી જગ્યા પર સમિતિ નકકી કરે તે શાળાનો હુકમ કરવામાં આવશે અને પાછળથી આવા શિક્ષક દ્વારા કોઇ હકક દાવો કરી શકાશે નહિ.

૧. વધના લીધે બદલવામાં આવેલા શિક્ષક/વિદ્યાસહાયકને મૂળ શાળા/ઝોન માટે સરકારશ્રીના સંદર્ભ-૨ મુજબ ઠરાવની જોગવાઇ અનુસાર લાભ મળવાપાત્ર થતો હોય તેવા કિસ્સામાં **મૂળ શાળા/ઝોનનો લાભ લેવાપાત્ર શિક્ષકએ આ સાથે સામેલ રાખેલ મુળ શાળા/ઝોન માટે પરત જવા માટેની અરજી નિયત નુમનામાં માહિતી ભરી આધાર પુરાવા સાથે તમારા મદદનીશ શાસનાધિકારીશ્રીને તા.૧૩-૦૫-૨૦૨૨૨ ના રોજ આપવાની રહેશે તથા મદદનીશ શાસનાધિકારીશ્રીએ આવી અરજીઓ તા.૧૬-૦૫-૨૦૨૨ના રોજ મુખ્ય ઓફિસ ખાતે આપવાની રહેશે.** કેમ્પમાં હાજર ન રહેનાર શિક્ષક કેમ્પ બાદ મુળ શાળા/ઝોનનો કોઇ હકક દાવો કરી શકાશે નહિં. આ બાબતની જાણ લાગુ પડતા તમામ શિક્ષકોને કરવાની રહેશે.

૨. વધ હેઠળની બદલી થયાના હુકમની તારીખ પછી યોજવામાં આવનાર ૨(બે) વધ-ઘટ બદલી કેમ્પ સુધી મુળ શાળા/ઝોનમાં પરત આવવાની માંગણી કરી શકાશે પરંતુ આવા શિક્ષક દ્વારા જે કેમ્પમાં તે ઝોનમાં જગ્યા ઉપલબ્ધ હોવા છતાં તે શિક્ષક દ્વારા ઉપલબ્ધ જગ્યાઓ પૈકીની કોઇ એક જગ્યાની પસંદગી નહી કરવામાં આવે તો ત્યારબાદ તે શિક્ષક આ હેતુસર મુળ ઝોનમાં પરત આવવા પાત્ર ગણાશે નહી. આ બાબતમાં સબંધિત શિક્ષકએ આ તક કાયમી જતી કરેલ છે તેમ ગણીને તેઓ લેખિત હુકમ કરી તે બાબતની નોંધ સબંધિત શિક્ષકશ્રીની સેવાપોથીમાં કરવામાં આવશે. આવી તક જતી કરનાર શિક્ષકને આ મૂળ શાળા બાબતે ભવિષ્યમાં કોઇ જ અન્ય તક મળવાપાત્ર થશે નહી.

૩. મદદનીશ શાસનાધિકારીશ્રીએ તા.૩૧-૮-૨૦૨૧ના મંજૂર મહેકમ સામે તા.૦૧-૦૫-૨૦૨૨ની સ્થિતિએ કામ કરતા શિક્ષકની સંખ્યાના આધારે વધની માહિતી તૈયાર કરવાની રહેશે. સદરહું વધના શિક્ષકની માહિતી સબંધિત શિક્ષકશ્રીની સેવાપોથીના આધારે તૈયાર કરી રજૂ કરવાની રહેશે અને આ સાથે સામેલ રાખેલ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

૪. તા.૦૭-૦૫-૨૦૨૨ના રોજ સ્કાઉટભવન ખાતેની મિટીંગમાં આપેલ સૂચના મુજબ વધની માહિતી નિયત નમૂના પત્રકમાં તૈયાર કરી તા.૧૧-૦૫-૨૦૨૨ના રોજ મોડામાં મોડી ૧૨:૦૦ કલાક સુધીમાં સોફ્ટકોપી તથા હાર્ડકોપીમાં મોકલી આપવાની રહેશે.

૫. તમામ અધિકારીશ્રીઓએ કેમ્પમાં તમારા ઝોનના જરૂરી રેકર્ડ સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે.

૬. વધવાળા શિક્ષક તથા મુળ શાળા/ઝોનનો લાભ મળવાપાત્ર શિક્ષકોએ આ સાથે સામેલ રાખેલ પ્રમાણપત્ર તથા જરૂરી આધાર પુરાવા સહ કેમ્પમાં હાજર રહેવાનું રહેશે.

તા. ૦૭-૦૫-૨૦૨૨

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદની શાળાઓમાં તા.૦૧-૦૫-૨૦૨૨ની સ્થિતિએ કામ કરતા શિક્ષકો પૈકી વધમાં આવતા શિક્ષકોએ તા.૧૭-૦૫-૨૦૨૨ના રોજ નીચે આપેલ સમય મુજબ કેમ્પમાં આવવાનું રહેશે.

- દરેક શિક્ષકે પોતાના ઝોનને ફાળવેલ સમયથી ૧૫ મિનીટ પહેલાં બીનચૂક રીતે ઉપસ્થિત રહેવું.
- દરેક શિક્ષકે વધ, મૂળ શાળા/ ઝોનમાં પરત જવા માટેની નમુના મુજબની અરજી, આધાર પુરાવા પોતાની સાથે રાખવાના રહેશે.
- ઝોનનો વધનો કેમ્પ શરૂ કરતા પહેલાં મૂળ શાળા પરતનો કેમ્પ કરવામાં આવશે.
- કોઈપણ બીન અપેક્ષિત વ્યક્તિ કેમ્પના સ્થળે હાજર રહી શકશે નહી.

| ક્રમ | ઝોન | કેમ્પનો સમય |
|---|---|---|
| ૧ | ઉત્તર ઝોન | ૮-૦૦ થી ૮-૩૦ |
| ૨ | દક્ષિણ ઝોન | ૮-૩૦ થી ૯-૦૦ |
| ૩ | પૂર્વ ઝોન | ૯-૦૦ થી ૯-૩૦ |
| ૪ | પશ્ચિમ ઝોન | ૯-૩૦ થી ૧૦-૦૦ |
| ૫ | મધ્ય ઝોન | ૧૦-૦૦ થી ૧૦-૩૦ |
| ૬ | હિન્દી ઝોન | ૧૦-૩૦ થી ૧૧-૦૦ |
| ૭ | ઉર્દૂ ઝોન | ૧૧-૦૦ થી ૧૧-૩૦ |
| ૮ | અંગ્રેજી ઝોન | ૧૧-૩૦ થી ૧૨-૦૦ |
| ૯ | ઉત્તર પશ્ચિમ ઝોન | ૧૨-૦૦ થી ૧૨-૩૦ |
| ૧૦ | દક્ષિણ પશ્ચિમ ઝોન | ૧૨-૩૦ થી ૧-૦૦ |
| | વિરામ | ૧-૦૦ થી ૧-૩૦ |
| ૧૧ | સ્કૂલ બોર્ડ કક્ષાનો(જિલ્લા કક્ષાનો ) જનરલ કેમ્પ | ૧-૩૦ થી |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

## પ્રમાણપત્ર

(વધના શિક્ષક માટે)

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે તા.૩૧-૦૮-૨૦૨૧ની સ્થિતિએ ............... શાળા નં......... ઝોન............. ધો.૧ થી ૫નું મંજૂર મહેકમ .............. છે અને ધો.૬ થી ૮ નું મંજૂર મહેકમ .............. (ભાષા..........,ગણિત......... સા.વિ..........) છે. તેની સામે કામ કરતા શિક્ષકો પૈકી નીચે મુજબની વધ ઉભી થવા પામેલ છે.

શ્રી.........................................ની પ્રાથમિક (ધો.૧ થી ૫) / ઉચ્ચ પ્રાથમિક (ધો.૬ થી ૮) વિષય...........ની વધ થતાં તેઓની હાલની શાળામાં દાખલ તા............., ખાતામાં દાખલ તા.................. અને જન્મ તારીખ ............ છે. જેની રેકર્ડ આધારે ખાત્રી કરી આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

તારીખ : મુખ્ય શિક્ષકના સહી અને સિકકા મદદનીશ શાસનાધિકારીશ્રીના સહી અને સિકકા

સ્થળ :

## પ્રમાણપત્ર

(મૂળ શાળા/ ઝોનમાં પરત આવવા માટે)

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી..........................................ની વધના શિક્ષક તરીકે ............. શાળા નં....... ઝોન......... ખાતેથી તેઓની બદલી અત્રેના ............ ઝોનની ............... શાળા નં..... માં થતાં તેઓ તા.................... રોજ ફરજ ઉપર હાજર થયેલ છે. જેની રેકર્ડ આધારે ખાત્રી કરી આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

(તેઓની ‘‘વધ મુળ શાળા / ઝોનમાં પરત જવા માટેની અરજી’’ તથા બદલી આદેશની નકલ સામેલ છે. )

તારીખ : મુખ્ય શિક્ષકના સહી અને સિકકા મદદનીશ શાસનાધિકારીશ્રીના

સ્થળ : સહી અને સિકકા

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

વધ મુળ શાળા/ ઝોનમાં પરત જવા માટેની અરજી

(૧) શિક્ષકનું નામ :
(૨) હાલની શાળાનું નામ : (૩) પે કેન્દ્રનું નામ :
(૪) ઝોન
(૫) જન્મ તારીખ (૬) હાલની શાળામાં દાખલ તારીખ
(૭) ખાતામાં દાખલ તારીખ
(૮) વિભાગ (પ્રાથમિક કે ઉચ્ચ પ્રાથમિક )
(૯) જો ઉચ્ચ પ્રાથમિક હોય તો વિષય (ભાષા,ગણિત,સા.વિ.)
(૧૦) જે શાળામાંથી વધ પડી તે શાળાની વિગત
- શાળાનું નામ - પે સેન્ટરનુ નામ - તાલુકો
- જે શાળામાંથી વધ પડી તે શાળામાં હુકમ તારીખ : - ખાતામાં દાખલ તારીખ

મારી ઉપર મુજબની વિગતો અનુસાર હું વધ/ હાલના સ્થળે ફરજ બજાવું છું અને વધ બદલી કેમ્પમાં હું સરકારશ્રીના વખતો વખતના ઠરાવની જોગવાઈ અનુસાર હું મૂળ શાળા / ઝોનનો લાભ લેવા માગું છું. તો મને સરકારશ્રીના વખતો વખતના ઠરાવની જોગવાઈ અનુસાર મૂળ શાળા / ઝોન પરતનો લાભ આપવા વિનંતી છે. અને સરકારશ્રીના ઠરાવની જોગવાઈ મને બંધનકર્તા રહેશે..

શિક્ષકની સહી :..............................
તારીખ

---

ઉપરની વિગતો અમોએ શિક્ષકશ્રીના રેકર્ડ આધારે ચકાસણી કરેલ છે. જે તમામ વિગતો સાચી છે.

મુખ્ય શિક્ષકશ્રીની સહી અને સિકકો          મદદનીશ શાસનાધિકારીશ્રીની સહી અને સિકકો
તારીખ

બિડાણ :
૧ વધ બદલી હુકમની નકલ
૨ હાજર અને છુટા થયાના રીપોર્ટની નકલ
૩ નિયત નમુનાનું પ્રમાણપત્ર